| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ: | ૨૭/૦૫/૨૦૨૪ | | |
| દાખલ તારીખ : | ૨૭/૦૫/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ : | ૧૨/૦૫/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૧૧ | ૧૬ |

**માલપુરના મે. જ્યુ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.માલપુર,જી.અરવલ્લી.**

**ફોજદારી કેસ નં–૫૦૯/૨૦૨૪**
આંક– **૪૫**

**ફરીયાદી :–** શ્રી સર કા ર

**વિરૂદ્ધ**

**આરોપી :–** (૧) સોમાભાઈ મશુરભાઈ પગી,
(૨) બીપીનભાઈ મશુરભાઈ પગી,
(૩) નરેશભાઈ મશુરભાઈ પગી.
તમામ રહે.કીડીયાદ ,તા. માલપુર, જી.અરવલ્લી

**ગુન્હો:– ઈ.પી.કો.કોડ ની કલમ –૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ અન્વયે**

---

સરકાર તરફે :– વિ.એ.પી.પી.શ્રી આઈ.એચ.બલોચ
આરોપીઓ તરફે :– વિ.વ.શ્રી એમ.બી.તરાર

---

**–:(ઠ રા વ):–**

(૧)... ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ ગઈ તા.૦૩/૦૭/૨૦૨૩ નાં રોજ કલાક.૧૭/૦૦ વાગ્યાનાં સમય દરમિયાન મોજે કીડીયાદ ગામે તે એવી રીતે કે, ઉપરોકત તારીખ ટાઈમ જગ્યાએ આ કામનાં આરોપીઓએ ઉપરોકત

જણાવેલ તારીખ ટાઈમે ફરીયાદી દીકરાને બકરા લઈને આ રસ્તા પર નીકળવાનું નહિ, તેમ કહી સાહેદ કાળુભાઈને આ કામનાં આરોપી નંબર.૧ તથા નં.ર એક સંપ થઈ ફરીયાદીનાં ઘરે જઈ સાહેદ જીગરને આરોપી નં.૧ તથા આરોપી.ર નાએ શરીરે ગડદાપાટુનો માર મારી મા–બેન સામે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનામાં એકબીજાને મદદગારી કરી આરોપીઓએ ઈ.પી.કો.કોડ ની કલમ –૩ર૩, ૫૦૪, ૫૦૬(ર),૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ. જે અંગેની ફરીયાદીએ માલપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતા પોલીસે સદર ગુના અંગેની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી આ કામના આરોપીઓની અટક કરી અને તપાસ પુર્ણ કરેલ અને સદર ગુના અન્વયે તે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા કોર્ટમાં સદર ગુના અન્વયેનુ ચાર્જશીટ રજુ કરેલ.

(ર)... આ કામના આરોપીઓ ચાર્જશીટ સાથે રજૂ કરેલ હોય જેથી, આરોપીઓ સામે ઉપરોકત ગુન્હા નું સંજ્ઞાન લઈ, જે અનુસંધાને કોર્ટમાં ઉપસ્થિત થયેલ ત્યારબાદ **ક્રિ.પ્રો.કોડની કલમ–ર૦૭** મુજબ આરોપીઓને **ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩** મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, **ક્રિ.પ્રો.કોડની કલમ–ર૪૦(૧)** પ્રમાણે આરોપી ઉપર **આંક–૦૮** થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી, સદરહું તહોમતનામું આરોપીઓને વાંચી–સંભળાવી, આરોપીઓનું સદરહું તહોમતનામા અંગે **આંક – ૦૯ થી ૧૧ સુધી** નીવેદન નોધવામાં આવેલ અને જે નિવેદનમાં આરોપીઓને ગુના અંગે પુછતા તેઓ એ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા ઉપર આવેલ છે.

(૩)... ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે :–

**મૌખિક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી લીલાબેન કાળુભાઈ પગીની જુબાની | ૩૪ |
| ૨ | સાહેદ કાળુભાઈ જગાભાઈ પગીની જુબાની | ૩૬ |
| ૩ | સાહેદ જીગરભાઈ કાળુભાઈ પગીની જુબાની | ૩૭ |

**દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૩૫ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૮ |

(૪)... આ કામે ફરીયાદ પક્ષે મહત્વના સાહેદોને તપાસ્યા બાદ અને મુળ ફરીયાદી તરફે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય અને હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોય તેવી પુરસીસ આપેલ હોય તેમજ સરકાર તરફે પણ વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક રીતે પુરાવો પૂરો થયાનું જણાવેલ હોય તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓને તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં, **નામ.સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫,''સતીષ મહેરા વિ. દિલ્હી એડ મિનિસ્ટ્રેશન'' તથા (૨૦૦૮)૯, એસ.સી.સી., ૬૭૭, ''નિખિલ મરચન્ટ વિ. સી.બી. આઈ.'' તથા (૨૦૦૮)૪, એસ.સી.સી., ૫૮૨, ''મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ''**ના ચુકાદાઓમાં નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે, ફરીયાદી/ત્રાહીત પક્ષકારની જુબાનીમા ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતી હકીકત આવતી ન હોય અને ફરીયાદી જયારે વધુ પુરાવો આપવા માંગતા નથી તેવી હકીકત જણાવતા હોય તેવા સંજોગોમા કોર્ટે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફયુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિદ્ધાંત ધ્યાને લઈ, ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો કરવામાં આવેલ છે.

(૫)... આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપીઓ સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીઓનું **ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩** મુજબનું વિશેષ નિવેદન નોધવા લાયક પુરાવો ન જણાતા આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬)... ત્યારબાદ પક્ષકારો તરફે દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭)... આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–:(મુદ્દાઓ):–**

(૧) શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આરોપીઓએ ગઈ તા. ૦૩/૦૭/૨૦૨૩ નાં રોજ કલાક.૧૭/૦૦ વાગ્યાનાં સમય દરમિયાન મોજે કીડીયાદ ગામે તે એવી રીતે કે, ઉપરોકત તારીખ ટાઈમ જગ્યાએ આ કામનાં આરોપીઓએ ઉપરોકત જણાવેલ તારીખ ટાઈમે ફરીયાદી દીકરાને બકરા લઈને આ રસ્તા પર નીકળવાનું નહિ, તેમ કહી સાહેદ કાળુભાઈને આ કામનાં આરોપી નંબર.૧ તથા નં.૨ નાઓ એક સંપ થઈ ફરીયાદીનાં ઘરે જઈ સાહેદ જીગરને આરોપી નં.૧ તથા આરોપી.૨ નાએ શરીરે ગડદાપાટુનો માર મારી મા–બેન સામે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનામાં એકબીજાને મદદગારી કરી આરોપીઓએ ઈ.પી.કો.કોડ ની કલમ –૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮)... ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે :–
(૧) નકારાત્મક.
(૨) આખરી હુકમ મુજબ.

(૯)... ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે :–

-/(કારણો)/-

***મુદ્દા નંબર-૧ અંગે :-***

(૧૦)... આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુનામાં આરોપીઓ વિરુધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ પર રહેલો છે. ફરીયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી આધારોનું પુરાવાની દૃષ્ટિએ નીચે મુજબનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૧૧)... આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક-૩૪ થી ફરિયાદી લીલાબેન કાળુભાઈ પગી નાઓ એ સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે,બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલ. બનાવમાં તેઓને તથા જીગરભાઈને તથા કાળુભાઈને આરોપીઓ સાથે સામાજીક કારણોસર સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજુ કંઈ બનેલ નહી. બનાવ બાબતે તેઓએ માલપુર પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલી અને તે ફરીયાદ આંક-૩૫ થી રજુ છે અને જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. આમ, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક રજુઆતથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી આપવામાં આવેલ. જેમાં સદર ફરીયાદી નાઓએ આંક-૩૫ ની ફરીયાદની તથા તેઓના પોલીસ રૂબરૂના નીવેદનની તમામ હકીકતોને નકારી કાઢેલ છે.

આરોપીઓ તર્ફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ તેઓને કે કાળુભાઈ કે જીગરભાઈને કોઈ ઈજા કરેલ નથી, કે ગડદાપાટુનો માર મારેલ નથી, કે કોઈ ગાળો આપેલ નથી કે, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.

(૧૨)... આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક-૩૬ થી સાહેદ કાળુભાઈ જગાભાઈ પગી નાઓ એ સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે,બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલ.

બનાવમાં તેઓને તથા જીગરભાઈને તથા લીલાબેનને આરોપીઓ સાથે સામાજીક કારણોસર સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજુ કંઈ બનેલ નહી. બનાવ બાબતે લીલાબેને માલપુર પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલી. બનાવ બાબતે ત.ક.અમલદારે તેઓનું નિવેદન લીધેલ. આરોપીઓને તેઓ ઓળખે છે. આમ, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક રજુઆતથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી આપવામાં આવેલ. જેમાં તેઓના પોલીસ રૂબરૂના નીવેદનની તમામ હકીકતોને નકારી કાઢેલ છે.

આરોપીઓ તર્ફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ તેઓને તથા લીલાબેનને કે જીગરભાઈને કોઈ ઈજા કરેલ નથી, કે ગડદાપાટુનો માર મારેલ નથી, કે કોઈ ગાળો આપેલ નથી કે, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.

(૧૩)... આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૩૭ થી સાહેદ જીગરભાઈ કાળુભાઈ પગી નાઓ એ સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે,બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલ. બનાવમાં તેઓને તથા કાળુભાઈને તથા લીલાબેનને આરોપીઓ સાથે સામાજીક કારણોસર સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજુ કંઈ બનેલ નહી. બનાવ બાબતે લીલાબેને માલપુર પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલી. ત.ક.અમલદારે તેઓનું નિવેદન લીધેલ. આરોપીઓને તેઓ ઓળખે છે. આમ,વિ.એ.પી.પી.શ્રીની મૌખિક રજુઆતથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી આપવામાં આવેલ. જેમાં તેઓના પોલીસ રૂબરૂના નીવેદનની તમામ હકીકતોને નકારી કાઢેલ છે.

આરોપીઓ તર્ફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આરોપીઓએ તેઓને કે લીલાબેનને કે કાળુભાઈને કોઈ ઈજા કરેલ નથી, કે ગડદાપાટુનો માર મારેલ નથી,

કે કોઈ ગાળો આપેલ નથી કે, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.

(૧૪)... તે રીતે આ કામે રેકર્ડ પર આવેલ તમામ પુરાવો ધ્યાને,વંચાણે લેતા, આ કામના ફરીયાદીને આરોપીઓ સાથે સામાજીક કારણોસર બોલાચાલી થયેલ હતી તે સિવાય કોઈ બનાવ બનેલ નથી. સદર ફરીયાદીને ફરી ગયેલા જાહેર થયા બાદની ઉલટતપાસમાં ફરીયાદ હકીકત અને પોલીસ નીવેદનમાં લખાયેલ હકીકતનો ઈન્કાર કરેલો છે. તેમજ તેઓને ગડદાપાટુનો માર મારેલ હોય કે કોઈ ગાળો આપેલ હોય કે, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય હોવાની હકીકતનો સરકાર તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં ઈન્કાર કરેલો છે. તેમજ આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં આરોપીએ ગડદાપાટુનો માર મારેલ હોય કે કોઈ ગાળો આપેલ હોય કે, જાનથી મારી નાખવાની ધમકી આપેલ નહી હોવાનુ સ્વીકાર કરેલ છે. આમ, ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ ન હોય આરોપીઓની સદરહુ ગુન્હાના કામે સીધી સંડોવણી હોવાનુ જણાય આવતુ નથી.

(૧૫)... વધુમાં સદર કામે આંક-૩૮ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ રજુ થયેલ છે જે ધ્યાને લેતા પંચનામા અંગેની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે પરંતુ આ કામે જયારે ફરીયાદી એ જ આરોપીઓને તેઓ સાથે ફકત સામાન્ય બોલાચાલી થયા અંગે નો પુરાવો રેકર્ડ ઉપર આપેલ છે અને આરોપીઓએ તેઓને માર મારી ઈજાઓ કરેલ હોય તે અંગે ઈન્કાર કરેલ છે તેવા સંજોગોમાં માત્ર પંચનામા રજુ કર્યેથી અને તેટલી જ હકીકત આધારે સદરહું પંચનામાની હકીકતો ગ્રાહય રાખી તેના આધારે આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમા આ કામે આંક-૩૯ થી ફરીયાદપક્ષ તરફે પુરાવો બંધ કરવા અંગેની પુરસીસ આપવામાં આવેલ હોવાથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૬)... આમ, ફરીયાદ પક્ષનાં રેકર્ડ ઉપર આવેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઓનુ સમગ્ર રીતે મુલ્યાંકન કરવામાં આવે તો, તે પુરાવાઓથી ફલીત થતુ નથી કે, આ કામનાં આરોપીઓએ ઉપરોકત જણાવેલ તારીખ ટાઈમે ફરીયાદી દીકરાને બકરા લઈને આ રસ્તા પર નીકળવાનું નહિ, તેમ કહી સાહેદ કાળુભાઈને આ કામનાં આરોપી નંબર.૧ તથા નં.૨ નાઓ એક સંપ થઈ ફરીયાદીનાં ઘરે જઈ સાહેદ જીગરને આરોપી નં.૧ તથા આરોપી.૨ નાએ શરીરે ગડદાપાટુનો માર મારી મા-બેન સામે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનામાં એકબીજાને મદદગારી કરી આરોપીઓએ ઈ.પી.કો.કોડ ની કલમ -૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય તેવા સંજોગોમાં આરોપીઓને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.તેમજ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી જેના કારણે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય અને તેવા સંજોગોમાં આરોપીઓને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધના આક્ષેપિત ગુન્હાઓ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી **મુદ્દા નંબર ૧ નો જવાબ " નકારમા "** ઠરાવી મુદ્દા નંબર- ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:(/આ ખ રી હુ ક મ/):-**

૧. આ કામના આરોપીઓ : (૧) સોમાભાઈ મશુરભાઈ પગી,(૨) બીપીનભાઈ મશુરભાઈ પગી, (૩) નરેશભાઈ મશુરભાઈ પગી. તમામ રહે.કીડીયાદ ,તા. માલપુર, જી.અરવલ્લી નાઓને **ક્રિ.પો.કોડની કલમ ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કોડ ની કલમ -૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ અન્વયેના શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.**

૨. આરોપીઓએ **ક્રિ.પો.કોડની કલમ-૪૩૭(એ)** ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલત માં અપીલ કે, પીટીશન થયેથી, જે-તે અદાલત સમક્ષ

હાજર રહેવા માટે આરોપીના અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ– **૧૨મી**' માહે–**મે,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી – સંભળાવી, જાહેર કર્યો.

**તા. ૧૨/૦૫/૨૦૨૬**
**માલપુર.**

**(પૂજા સુરાણા)**
**પ્રિન્સિપાલ સિવિલ જજ અને**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**માલપુર.( જજ કોડ જીજે ૦૧૪૨૮)**

એચ.એલ.મેર–પી.એ.